
# 3 પ્રાચીન નગરો અને ગ્રંથો

આપણે અવારનવાર સંસ્કૃતિ અને સભ્યતા એવા બે શબ્દો સાંભળીએ છીએ. શું તમે તેનો અર્થ જાણો છો ? સંસ્કૃતિ એ મનુષ્યની રહેણીકરણીની સાથે સંકળાયેલ બાબત છે. સભ્યતા એ માનવી પોતાની બુદ્ધિશક્તિ, આવડત અને કલા-કૌશલ્યથી જીવનની એક વિશિષ્ટ અવસ્થાનું સર્જન કરે છે. વિશ્વમાં ઈજિપ્ત, મેસોપોટેમિયા, ભારત, ચીન, રોમમાં માનવસમાજની આવી મહાન સભ્યતાનાં દર્શન થાય છે. સદીઓ જૂની આ સભ્યતા આજે પણ માનવજીવનને પ્રેરણા પૂરી પાડે છે. આ સભ્યતાઓ પૈકી આપણે હડપ્પીય સભ્યતાનો અભ્યાસ કરીશું.




**3.1 હડપ્પીય સભ્યતાનાં સ્થળો**

હડપ્પીય સભ્યતાને આપણે સિંધુખીણ સભ્યતા તરીકે પણ ઓળખીએ છીએ. ઈ.સ. 1921માં હડપ્પામાંથી આ સભ્યતાના સૌપ્રથમ અવેશષો મળી આવ્યા. ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં ફેલાયેલી સભ્યતાનાં અનેક સ્થળોમાં હડપ્પા, મોહેં-જો-દડો, લોથલ, ધોળાવીરા, કાલીબંગાન, રાખીગઢી વગેરેનો સમાવેશ થાય છે. નકશામાં હડપ્પીય સભ્યતાનાં સ્થળો દર્શાવ્યાં છે તે જુઓ. તેમાંના કેટલાંક મુખ્ય નગરોની નગરરચના અને તેમની વિશેષતાઓનો પરિચય મેળવીએ.

## નગરરચના

આયોજનબદ્ધ નગરરચના એ હડપ્પીય સભ્યતાની સૌથી મોટી લાક્ષણિકતા હતી. નગરોની રચના એકસમાન થયેલી હતી. તમામ સ્થળોએ પશ્ચિમ તરફ કિલ્લો અને પૂર્વ તરફ સામાન્ય પ્રજાની વસાહત હતી. બંનેને જુદો પડતો

રાજમાર્ગ વચ્ચે આવેલો હતો. પશ્ચિમમાં આવેલા કિલ્લાની ફરતે કોટ હતો. કિલ્લામાં સંભવતઃ શાસકો રહેતા હોવા જોઈએ. તેમની નગરરચનામાં મોટા ભાગે ઈંટો વપરાતી. હડપ્પીય સભ્યતાનાં નગરોની કેટલીક વિશેષતાઓ જોઈએ.

હડપ્પીય સભ્યતાની મુખ્ય વિશેષતા તેની આયોજનબદ્ધ મકાનવ્યવસ્થા હતી. પૂર અને ભેજથી બચવા મકાનો ઊંચા ઓટલા પર બાંધવામાં આવતાં. અહીંનાં મકાનોની એક વિશેષતા એ હતી કે, મકાનના દ્વાર મુખ્ય રસ્તા પર પડવાને બદલે અંદરની તરફ પડતાં. અહીં એક અને બે માળનાં મકાનો જોવા મળતા હતાં. અહીંના રસ્તાઓ સુવિધાજનક હતા. શહેરના મુખ્ય બે રાજમાર્ગો એક ઉત્તરથી દક્ષિણ અને બીજો પૂર્વથી પશ્ચિમ જતો. અહીં મુખ્ય



**3.2 મોહેં-જો-દડો જાહેર સ્નાનાગર**

માર્ગોની સમાંતરે શેરીઓ આવેલી હતી. રસ્તાઓ એકબીજાને કાટખૂણે કાપતા. રસ્તા અને શેરીઓનું આયોજન એ રીતે કરવામાં આવેલું હતું કે, સમગ્ર નગર ચોરસ અને લંબચોરસ વિભાગોમાં વહેંચાઈ જાય. જાહેર રસ્તાઓ પર રાત્રિપ્રકાશની વ્યવસ્થાના પુરાવા પણ પ્રાપ્ત થયા છે. હડપ્પાકાલીન સભ્યતાના લોકોના વપરાશના પાણીના નિકાલ માટે અત્યંત વિકસિત અને પદ્ધતિસરની વ્યવસ્થા હતી. દરેક મકાનનું પાણી નાની ગટરમાં અને નાની ગટરમાંથી પાણી મોટી ગટરમાં જતું. મોટી ગટરમાંથી પાણી નગરની બહાર જતું. મોહેં-જો-દડોમાં એક જાહેર સ્નાનાગાર મળી આવ્યું છે. આ સ્નાનાગારની વચ્ચે સ્નાનકુંડ છે. સ્નાનકુંડમાં ઊતરવા માટે બે બાજુએ પગથિયાંની વ્યવસ્થા છે. સ્નાનકુંડની ફરતે વસ્ત્રો બદલવા ઓરડીઓ છે. ઉત્સવ કે ધાર્મિક પ્રસંગોએ આ જાહેર સ્નાનાગરનો ઉપયોગ થતો હશે. આ ઉપરાંત મોહેં-જો-દડોમાંથી મળી આવેલ સ્તંભવાળા મકાનને સભાગૃહની ઓળખ આપવામાં આવી છે. હડપ્પા પંજાબના મોંટગોમરી જિલ્લા(હાલ પાકિસ્તાનમાં)માં આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે. હડપ્પા સિંધુખીણ સભ્યતાનું મુખ્ય નગર હશે. અહીંની મુખ્ય વિશેષતા તેના અન્નભંડારો છે. અહીં રાવી નદીના કિનારે 12 જેટલા અન્નભંડારો મળી આવેલ છે.

લોથલ અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં ભોગાવો નદીના કિનારે આવેલ છે. લોથલ પ્રાચીન સમયમાં એક વેપારી બંદર અને ઔદ્યોગિક નગર હતું. લોથલમાં ઈંટોનું બનેલું એક માળખું મળી આવ્યું છે. તેને ધક્કો (Dock yard) માનવામાં આવે છે. તે અહીં આવતાં વહાણોને લાંગરીને માલસામાન ચઢાવવા-ઉતારવાના કામ માટે ઉપયોગમાં આવતું હોવાનું માની શકાય. આ ઉપરાંત અહીં વખારો અને મણકા બનાવવાની ફેક્ટરી મળી આવેલ છે. જેથી કહી શકાય કે લોથલ પ્રાચીન ભારતનું સમૃદ્ધ બંદર હશે અને હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર લોથલના બંદર મારફત થતો હશે.



**3.3 લોથલ બંદરનો ધક્કો (Dock yard)**

ધોળાવીરા કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકામાં ખડીરબેટ વિસ્તારમાં આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે. સામાન્ય રીતે હડપ્પીય નગરો બે ભાગમાં (દ્વિસ્તરીય) વહેંચાયેલ છે, જ્યારે ધોળાવીરાનું નગર ત્રણ ભાગમાં (ત્રિસ્તરીય) છે. (1) સીટાડલ-કિલ્લો (2) ઉપલું નગર (3) નીચલું નગર. ધોળાવીરા નગરની મુખ્ય વિશેષતા વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા અને સ્ટેડિયમ છે.

રાજસ્થાનનું કાલીબંગન નગર હડપ્પીય સભ્યતાની કૃષિક્રાંતિનું મુખ્ય મથક હતું. અહીં ખેડેલાં ખેતરોના અવશેષો તેની સાબિતી પૂરી પાડે છે. અહીં મળી આવેલા તાંબાના અવશેષો એ પુરવાર કરે છે કે અહીં તાંબાનાં ઓજારોનું નિર્માણ થતું હશે અને આ ઓજારો કૃષિક્ષેત્રે ઉપયોગમાં લેવાતાં હશે.

આમ, સિંધુખીણ સભ્યતાનું નગરઆયોજન સુવ્યવસ્થિત, સુંદર ઈજનેરીકળા ધરાવતું, આયોજનબદ્ધ અને કૌશલ્યયુક્ત હતું. તેમાં તે વખતના શાસકવર્ગની શાસનશક્તિ, ઈજનેરોની બુદ્ધિમત્તા અને કારીગરોની કલાશક્તિનું અદ્ભુત પ્રતિબિંબ પડે છે.

### હડપ્પીય સભ્યતાનું આર્થિકજીવન

સિંધુખીણ સભ્યતાના લોકો ખેતી, પશુપાલન, વેપાર, હુન્નર ઉદ્યોગ જેવા વ્યવસાયો કરતાં હતા. ખેતીમાં ઘઉં, જવ, વટાણા, તલ, સરસવ વગેરે પાકોની ખેતી કરતા. ખેતીમાં જમીન ખેડવા હળનો ઉપયોગ કરતાં. પશુપાલનમાં ગાય, ભેંસ, બકરી, ખૂંધવાળો બળદ પાળતા. તેઓ આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર કરતા. અહીંનું સુતરાઉ કાપડ છેક મેસોપોટેમિયા અને તેના માધ્યમથી ઈજિપ્ત સુધી પહોંચતું. એમ ઈતિહાસકારો માને છે. આ ઉપરાંત તેમના અન્ય વ્યવસાયોમાં માટીકામ, ધાતુકામ, મણકા બનાવવાની કલા, શિલ્પકલા વગેરેનો સમાવેશ થતો.

### હડપ્પીય સભ્યતાનું સમાજજીવન :

સિંધુખીણ સભ્યતાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હતો અને આ સમયની પ્રજાના ખોરાકમાં ઘઉં, જવ, બાજરી, વટાણા, તલ, ખજૂર વગેરેનો સમાવેશ થતો. પશુપાલનના કારણે તેમના ખોરાકમાં દૂધ, દૂધની બનાવટોનો સમાવેશ થતો. આ સભ્યતાના અવશેષોમાં માછલી પકડવાના હૂક (ગલ) (Hook) મળી આવ્યા છે. તેથી ખોરાકમાં માછલીનો પણ સમાવેશ થતો હશે.

સિંધુખીણ સભ્યતામાંથી મળી આવેલાં શિલ્પોના આધારે એ સમયના લોકોના પોશાક વિશે માહિતી મળે છે. અહીંનાં સ્ત્રી-પુરુષો બે કપડાં પહેરતાં. કમરથી નીચેના ભાગમાં હાલની ધોતી જેવું અને ઉપરના ભાગમાં ડાબા ખભા



**3.4 મોહેં-જો-દડોમાંથી મળેલ વસ્ત્રપરિધાન કરેલ પથ્થરની મૂર્તિ**

પરથી જમણા હાથની નીચે આવે એમ ઉપવસ્ત્ર વીંટતાં. મુખ્યત્વે તેઓ સુતરાઉ કાપડનો ઉપયોગ કરતાં અને ઊની વસ્ત્રથી પણ પરિચિત હતા. ધાતુ તથા હાથીદાંતની બનેલી, મળેલી સોયના આધારે અનુમાન થાય છે કે તેઓ સીવીને કપડાં પહેરતા હશે, આમ છતાં મોટા ભાગના લોકો સીવ્યાં વિનાનાં કપડાંનો ઉપયોગ કરતાં હશે.

આ સમયનાં લોકો આભૂષણોમાં કંઠહાર (ગળાનો હાર), હાથમાં વીંટી, કાંડામાં કડાં સ્ત્રી અને પુરુષ બંને પહેરતાં. સ્ત્રીઓ બંગડીઓ, કાનમાં કુંડળ, કંદોરો, ઝાંઝર વગેરે આભૂષણો પહેરતી. આ આભૂષણો સોના, ચાંદી અને કીમતી પથ્થરોમાંથી બનાવવામાં આવતાં.

સિંધુખીણ સભ્યતાના લોકો માટીનાં, તાંબાનાં, કાંસાનાં વાસણો બનાવતા. જેમાં માટીમાંથી પ્યાલા, વાટકી, કુલડી, ગાગર, રકાબી, કથરોટ વગેરે વાસણોનો સમાવેશ થતો. સિંધુખીણ સભ્યતાના લોકોએ પોતાના બાળકો માટે વિવિધ પ્રકારનાં રમકડાં બનાવ્યાં હતા. જેમાં પંખી આકારની સિસોટીઓ, ઘૂઘરા, ગાડા, લખોટી, પશુ, પંખી અને સ્ત્રી-પુરુષ આકારનાં રમકડાંનો સમાવેશ થાય છે. એક રીતે જોઈએ તો આ પ્રજાની સર્જનશક્તિ અને કલાકારીગરી એમનાં રમકડાંમાં વ્યક્ત થાય છે. માથું હલાવતા પ્રાણી અને ઝાડ પર ચઢતા વાનરની કરામત દર્શાવતાં રમકડાં જોવા મળે છે.



**3.5 રમકડાં**

### ધાર્મિક જીવન અને અંતિમવિધિ :

હડપ્પીય સભ્યતાના ધાર્મિક જીવન વિશે આપણને મૂર્તિ અને મુદ્રાઓમાંથી માહિતી મળે છે. મૂર્તિઓમાં માતૃકાદેવીની મૂર્તિઓને ઇતિહાસકારો ધરતીમાતાનું પ્રતીક ગણે છે, એટલે કે હડપ્પીય સભ્યતાના લોકો ધરતીપૂજા સવિશેષ કરતાં હશે કારણ કે ધરતી અન્ન અને પાણી આપે છે. આ ઉપરાંત તેઓ વૃક્ષપૂજા, પશુપૂજા, નાગદેવતા, સ્વસ્તિકપૂજા કરતાં હશે. લોથલ અને કાલીબંગનમાં અગ્નિપૂજાના અવશેષો પ્રાપ્ત થયા છે.

હડપ્પીય સભ્યતાના લોકો મૃત્યુ પામનાર મનુષ્યને દાટતા હશે અને ઘણી જગ્યાએ અગ્નિ સંસ્કારના પુરાવાઓ મળ્યા છે. તેઓ મૃતકને દાટતા અને તેની સાથે કેટલીક વસ્તુઓ પણ મૂકતા. જે તેમના મૃત્યુ પછીના જીવનની તેમની કલ્પના બતાવે છે.

### લિપિ અને ભાષા :

સિંધુખીણ સભ્યતાના અવશેષોમાંથી મુદ્રાઓ, મુદ્રિકાઓ, તામ્રપત્રિકાઓ મળી આવેલ છે. તેમના ઉપર કોઈ અણઉકેલાયેલી રહસ્યમય ભાષામાં લિપિબદ્ધ લખાણ જોવા મળે છે. જોકે આ લખાણો ટૂંકાં છે, માત્રાવાળા અક્ષરો અને જોડાક્ષરો જોવા મળે છે. આ લિપિ ઉકેલવા ઘણા પ્રયત્નો થયા છે પરંતુ તેમાં હજુ સફળતા મળી નથી.

### ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનાં સ્થળો :

ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લામાં રંગપુર, અમદાવાદ જિલ્લામાં લોથલ, રાજકોટ જિલ્લામાં રોઝડી (શ્રીનાથગઢ), કચ્છ જિલ્લામાં દેશલપર, ધોળાવીરા, સુરકોટડા, જામનગર જિલ્લામાં લાખાબાવળ, આમરા, ભરૂચ જિલ્લામાં કિમનદીના કિનારે ભાગાતળાવ વગેરે પ્રદેશોમાં હડપ્પીય સભ્યતાની નાનીમોટી વસાહતો મળી આવી છે.

### હડપ્પીય સભ્યતાનો અંત :

ઇતિહાસકારો ધરતીકંપ, પૂર, રોગચાળો કે બાહ્ય આક્રમણના કારણે આ સભ્યતાનો અંત આવ્યો હશે તેવું માને છે. જોકે આજે પણ ઇતિહાસકારો માટે તેનો અંત સંશોધનનો વિષય રહ્યો છે.

### આપણાં પ્રાચીન ગ્રંથો

**ઋગ્વેદ અને તેનું અધ્યયન :** વેદ ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. ઋગ્વેદ એ આપણો પ્રાચીનતમ ગ્રંથ છે. જેમાં 10 મંડળોમાં 1028 પ્રાર્થનાઓ જેને સૂક્ત કહે છે તેનો સમાવેશ થાય છે. ઋગ્વેદ એ પ્રાચીન જ્ઞાનનો ભંડાર છે. તે પ્રાચીન સંસ્કૃત કે વૈદિક સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. ઋગ્વેદના માધ્યમથી આર્યોના રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવનનો પરિચય મળે છે. ઇતિહાસકારો, પુરાતત્ત્વવિદો ઇતિહાસ જાણવા માટે પ્રાચીન અવશેષોની સાથે ઋગ્વેદનો અભ્યાસ પણ કરે છે. ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો સંવાદ સ્વરૂપે છે.

ઋગ્વેદમાં પ્રજાકીય જીવનના ઉલ્લેખો જોવા મળે છે. ગણ, સભા અને સમિતિ જેવી રાજકીય સંસ્થાઓની માહિતી ઋગ્વેદમાં છે. સભા સમિતિની સરખામણીમાં નાની સંસ્થા હતી અને તેમાં રાજ્યના મુખ્ય આગેવાનો બેસતા અને રાજ્યના અગત્યના પ્રશ્નોની ચર્ચા થતી તથા ન્યાય પણ અપાતો. સમિતિ વિસ્તૃત સંસ્થા હતી જે રાજાની ચૂંટણી કરતી. રાજાને મદદ કરવા સેનાધ્યક્ષ અને પુરોહિતની નિમણૂક થતી. રાજાનું એક કાર્ય ગવેષ્ણા પણ હતું અને ગવેષ્ણા એટલે યુદ્ધ. ઋગ્વેદમાં રાવી નદીના કિનારે દસ રાજાઓ વચ્ચે થયેલા યુદ્ધનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદમાં આર્યોના સામાજિક જીવન વિશે માહિતી મળે છે. સમાજનું એકમ કુટુંબ હતું અને પિતૃપ્રધાન અને સંયુક્ત કુટુંબવ્યવસ્થા હતી. સમાજ વર્ણ અને જ્ઞાતિઓમાં વહેંચાયેલ ન હતો એટલે સમાજમાં સૌ સમાન હતા. કોઈ ઊંચનીચના ભેદભાવ ન હતા. સ્ત્રીઓનું સમાજમાં ઊંચું સ્થાન તથા સ્ત્રીસ્વાતંત્ર્ય હતું અને સ્ત્રીઓને સહધર્મચારિણી ગણવામાં આવતી અને યજ્ઞમાં તેમની હાજરી આવશ્યક ગણાતી. તે પણ અભ્યાસ કરી શકતી. તેમાં અપાલા, લોપામુદ્રા, ઘોષા જેવી વિદૂષી સ્ત્રીઓએ તો ઋગ્વેદની ઋચાઓ પણ રચી છે. કન્યા પુખ્ત ઉંમરની થાય ત્યારે જ લગ્ન થતાં.

ઋગ્વેદમાં પ્રકૃતિની પૂજાના ઉલ્લેખો જોવા મળે છે. ઇન્દ્ર, વરુણ, અગ્નિ, સૂર્ય વગેરેની પૂજાના ઉલ્લેખો જોવા મળે છે. સવારની દેવી ઉષા અને સાંજની દેવી અદિતિનો ઉલ્લેખ જોવા મળે છે.

ઋગ્વેદમાં ગાય, ઘોડાની અને બળદની ચર્ચા ઘણી જગ્યાએ થઈ છે. ઋગ્વેદમાં અન્ય પશુઓની સરખામણીમાં ઘોડાનો સૌથી વધુ ઉલ્લેખ આવે છે. જે તેમના જીવનમાં પશુપાલનનું મહત્ત્વ સૂચવે છે. પશુઓ માટે યુદ્ધ કરવું એ કબિલાઈ જીવન જીવતા લોકો માટે સામાન્ય હતું. સંપત્તિ મુખ્યત્વે પશુઓની સંખ્યા પર આધાર રાખતી. પશુપાલન સામૂહિક રીતે થતું અને ઋગ્વેદકાલીન અર્થવ્યવસ્થાના પ્રારંભિક ચરણમાં કૃષિ ગૌણ હતી.

**આટલું જાણો**

સૂક્તનો અર્થ છે સારી રીતે કહેવાયેલું.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) સિંધુખીણ સભ્યતાના અવશેષો સૌપ્રથમ કયાં સ્થળેથી મળી આવ્યા ?

(A) હડપ્પા (B) લોથલ (C) મોહેં-જો-દડો (D) કાલિબંગાન

(2) હડપ્પીય સભ્યતાનું કૃષિક્રાંતિનું મથક કયું નગર હતું ?

(A) લોથલ (B) મોહેં-જો-દડો (C) કાલિબંગાન (D) ધોળાવીરા

(3) ઋગ્વેદમાં કેટલાં મંડળો છે?

(A) 12 (B) 15 (C) 10 (D) 4

## 2. ટૂંકમાં ઉત્તર આપો :

(1) હડપ્પીય સભ્યતાના નગરના રસ્તાઓનો પરિચય આપો.

(2) 'હડપ્પીય પ્રજાની સર્જનશક્તિ અને કલાકારીગરી રમકડાંમાં વ્યક્ત થાય છે.' વિધાન સમજાવો.

(3) લોથલ વિશે નોંધ લખો.

## 3. ખાલી જગ્યા પૂરો :

(1) કાલિબંગાન હાલ ......... રાજ્યમાં આવેલ છે.

(2) હડપ્પીય સભ્યતામાં મળી આવેલ સ્નાનાગૃહ ......... નગરમાં આવેલ છે.

(3) ધોળાવીરા ......... જિલ્લામાં મળી આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે.

## 4. નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) હડપ્પીય સભ્યતા મિસર સભ્યતાની સમકાલીન માનવામાં આવે છે.

(2) ધોળાવીરામાં વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા હતી.

(3) ધોળાવીરાની નગરરચના બે ભાગમાં વહેંચાયેલ છે.

(4) વેદ મુખ્યત્વે સાત છે.

**પ્રવૃત્તિ**

- તમારી શાળામાંથી શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત લોથલનો પ્રવાસ કરો અને તેના વિષયક માહિતી એકત્ર કરો.
- હડપ્પીય સભ્યતાના માનવજીવન વિશે હસ્તલિખિત અંક બનાવો.